**–૦ <u>હુકમ</u> ૦–**

૧. ફરિયાદ વંચાણે લીધી, ફરિયાદ સાથે રજૂ દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. આ કામના ફરિયાદીના વિ.વ. શ્રીને સાંભળ્યા.

૨. સદર ફરિયાદ ધી પેમેન્ટ સેટલમેન્ટ એકટ ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના સબબ કલમ–૧૪૨ અન્વયે અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે **નામ. સુપ્રિમ કોર્ટના (૨૦૧૪) એસ.સી.સી.૫૯૦, ઈન્ડિયન બેંક એશોશિયેશન વિ. યુનિયન બેંક ઓફ ઈન્ડીયા** ના ચુકાદા ઉપર આધાર રાખી સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ડાયરેક્શન મુજબ ફરિયાદના સમર્થનમાં એફિડેવિટ અને અસલ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. ફરિયાદ તથા રજૂ દસ્તાવેજો વંચાણે લેતાં. કલમ–૨૫ મુજબ આદેશાત્મક જોગવાઇઓની અમલ કરવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને આ રીતે કલમ–૨૫ ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં હાલની ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

૩. ફરિયાદીની સોગંદ પરની સરતપાસની જુબાની તથા ફરિયાદ પક્ષે રજૂ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમજ **નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૬ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૪૯, કે.એસ.જોસેફ વિ. ફિલિપ્સ કાર્બન બ્લેક લી.** ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ જ્યારે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે સોગંદ ઉપર સરતપાસ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે સી.આર.પી.સી.ની કલમ–૨૦૦ મુજબ ફરિયાદીનું અલગથી વેરિફિકેશન નોંધવું જરૂરી ન હોય, આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા સોગંદ ઉપરની સરતપાસની જુબાની ધ્યાને લેતાં, આરોપીને ખોટી રીતે કનડગત કરવા હાલની ફરિયાદ રજૂ કરવામાં આવેલ હોય તે જણાતું નથી. આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ સેટલમેન્ટ એકટ ૨૦૦૭ ની કલમ – ૨૫ મુજબનો પ્રથમ દર્શનીય રીતે ગુનો બનતો હોય આ કાયદાની કલમ–૨૫ મુજબ કોગ્નીઝન્સ લઈ હાલની ફરિયાદ ફોજદારી રજીસ્ટરે નોંધવાનો આથી હુકમ કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ સેટલમેન્ટ એકટ ૨૦૦૭ ની કલમ –૨૫ મુજબના ગુના સબબ મુદત તા.20–08–2026 ના રોજનો સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ હુકમ આજ રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર
તા.06–06–2026

ત્રીજા એડી.સિની.સિવીલ અને
ચીફ જ્યુડી. મેજી.
બનાસકાંઠા – પાલનપુર,